ક

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને
વિકાસ નિગમને મેચીંગ ફાળાની
ગ્રાન્ટ ફાળવવા બાબત.
સને ૨૦૧૭-૧૮.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃલઘસ-૧૦૦૬-૧૩૪૮-અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૯-/૧૨/૨૦૧૭
29 DEC 2017

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦-૦૪-૧૭ નો ઠરાવ ક્રમાંકઃ બીયુડી-૧૦૨૦૧૭-૧૬૪૩૧૬-બ.

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્સ્યક નાણા અને વિકાસ નિગમનો તા ૨૭-૧૨-૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃગુઅસનાવિનિલિ/આઠ માસિક/૨૦૧૭-૧૮/૧૭૨૭૮

**ઠ રા વઃ-**

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લી., ગાંધીનગરને રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ નિગમ લી. નવી દિલ્હીની યોજનાઓમાં રાજય સરકારના સમાન ફાળાની ગ્રાન્ટ પેટે સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં ₹.૧૫૦.૦૦ લાખની પ્લાન સદરે જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૨) પરના નિગમના તા. ૨૭-૧૨-૧૭ ના પત્રથી સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે મેચીંગ ફાળાની ₹. ૧૫૦.૦૦ લાખ ( અંકે રુપિયા એકસો પચ્ચાસ લાખ પુરા)ની ગ્રાન્ટ ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમને હવાલે મૂકવા દરખાસ્ત કરવામાં આવેલ છે. સદરહુ રકમ નિગમના હવાલે મૂકવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ₹.૧૫૦.૦૦ લાખ (અંકે રુપિયા એકસો પચ્ચાસ લાખ પુરા)ની ગ્રાન્ટ નિગમને હવાલે મુકવા નીચેની શરતોએ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિકગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવાની રહેશે.

(૨) સને ૨૦૧૭-૧૮ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) નિગમે લાભાર્થીઓને આપેલ લોનની રીકવરી માટે જરુર પડે કોર્ટની નોટીસ આપીને પણ રીકવરી કરવાની રહેશે. આ રીકવરીમાંથી આવેલ રકમ અન્ય હેતુ માટે ન ફાળવતા રાષ્ટ્રીય

નિગમને મુદત વીતી લેણાં પેટે આપવાની થતી રકમ સામે ફાળવી આપવાની રહેશે.

(૫) લોનની રીકવરી અંગેની પ્રગતિ/લેવાયેલ પગલાંની જાણ કરવાની રહેશે.

(૬) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૬૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન-પેટા મુખ્ય સદર-૦૪-લઘુમતીઓનું કલ્યાણ ગૌણ સદર-૮૦૦-અન્ય લોન પેટા સદર-૦૧ એમએનટી-૧૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સમાન ફાળો માટે ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને હેઠળ ઉધારવાનો રહશે.

(૮) આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્ર સચિવશ્રીની તા. ૨૯-૧૨-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિન પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાનાઃ-</u>**

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઇલ.
કમ્પ્યુટર સેલ તરફ વિભાગની વેબસાઈટ પર ઠરાવ મુકવા સારુ.

પેટા મુખ્ય સદર ૦૪:લઘુમતીઓનું કલ્યાણ ગૌણ સદર-૧૯૦ જાહેરક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ, પેટાસદર (૦૨) એમએનટી-૧૨ રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને શેરમૂડી ફાળો ખાતે હેઠળ ઉધારવાનો રહેશે.

૩. આ રકમ નાણા વિભાગ ધ્વારા વખતોવખત છુટી કરવામાં આવતી ગ્રાન્ટના પ્રમાણસર છુટી કરવાની રહેશે.

૪. આ ઠરાવ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા.૧૦-૦૪-૨૦૧૭ ના ઠરાવથી ચાલુ સેવાઓને નાણા વિભાગ ધ્વારા આપવામાં આવેલ મંજૂરી તથા સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્ર સચિવશ્રીની તા.૨૯-૧૨-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિન પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:-**

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિલેકટ ફાઇલ.

સિસ્ટમ અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગર